રજા રાહત પ્રવાસ મુંબઈ મુલ્કી સેવા નિયમો વિગેરેના લાભો...

---

<u>સુધરાઈમાંથી રુપાંતર પામેલ ગ્રામ / નગર પંચાયતોના કર્મચારીઓને આપવા અંગે.</u>

ગુજરાત સરકાર,
પંચાયત વિભાગ,
ઠરાવ ક્રમાંક: એનપાએમ-૧૦૮૩-૧૩૩૪-ક૧,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૮-૧૦-૧૯૮૩.

વંચાણે લીધો :-

સરકારી ઠરાવ પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગ, ક્રમાંક: વકમ-૧૦૮૧-૨૨૦-૮૨-છ, તારીખ ૧૮-૨-૧૯૮૨.

<u>ઠરાવ</u> :-

નામદાર ગુજરાત હાઈકોર્ટે ખાસ દિવાની અરજી ક્રમાંક: ૩૦૯ સને ૧૯૭૫ થી આપેલ આદેશને નામદાર સુપ્રીમ કોર્ટે સીવીલ અપીલ ક્રમાંક: ૩૫૯ સને ૧૯૭૮ અને રીટપીટીશન ક્રમાંક: ૪૨૬૬ થી ૭૦ સને ૧૯૭૮ સમર્થન આપેલ છે. પ્રસ્તુત આદેશના અનુસંધાને અગાઉની સુધરાઈમાંથી રુપાંતર પામેલ ગ્રામ અથવા નગર પંચાયતોના કર્મચારીઓને અન્ય લાભો આપવાનો પ્રશ્ન વિચારણા હેઠળ હતો સરકાર-શ્રીએ આથી નીચે પ્રમાણે નક્કી કરેલ છે.

(૧) સુધરાઈમાંથી રુપાંતર પામેલ ગ્રામ અથવા નગર પંચાયતમાં તારીખ: ૧-૪-૬૩ પહેલા નિમણુંક પામેલ અને પંચાયત અને આરોગ્ય વિભાગના તા. ૧૧-૨-૧૯૬૯ના સરકારી હુકમ ક્રમાંક: સોએફઓ-૮૬૫-૧૪૪૬-ચ, થી પંચાયત સેવામાં ફાળવવામાં આવેલ હોય તેવા કર્મચારીઓને વખતો વખત સુધારાયા પ્રમાણેના ૧૯૭૭ના ગુજરાત પંચાયત (સેવાની શરતો) નિયમો લાગુ પડશે.

(૨) પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગના તા. ૧૮-૨-૧૯૮૨ના સરકારી ઠરાવ ક્રમાંક: વકમ-૧૦૮૧-૨૨૦(૮૨) છ, અન્વયે જીલ્લા અને તાલુકા પંચાયતોના કર્મચારીઓને મળવા પાત્ર રજા રાહત પ્રવાસના સરકારી લાભો ગ્રામ /

...૨...

નગર પંચાયતોમાં રુપાંતર પામેલ જૂની સુધરાઇના કર્મચારીઓને પણ લાગુ પાડવામાં આવે છે અને આ કર્મચારીઓ રજા રાહત પ્રવાસનો લાભ લઇ શકે તે માટે ૧૯૮૦-૮૩ નો બ્લૉક તા. ૩૧-૧૨-૧૯૮૪ સુધી લંબાવેલ ગણવાનો રહેશે.

(૩) આ કર્મચારીઓના રજા વિગેરે બાબતો વખતોવખત સુધાર્યા પ્રમાણેના ૧૯૭૭ના ગુજરાત પંચાયત સેવા (સેવાની શરતો) નિયમો પ્રમાણે નિયંત્રિત થશે.

(૪) સરકારી કર્મચારીઓ અને તાલુકા અને જીલ્લા પંચાયતના કર્મચારી ગેને મળતા રજાનું રોકડમાં રુપાંતર તથા અન્ય સેવાના લાભો ગ્રામ અથવા નગર પંચાયતમાં રુપાંતર પામેલ સુધરાઇઓના કર્મચારીઓને લાગુ પડશે.

(૫) આ અંગેનું ખર્ચ જે તે ગ્રામ અથવા નગરપંચાયતે પોતાના ભંડોળમાંથી કરવાનું રહેશે.

(૬) આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તારીખ ૩-૧૦-૮૩ની નોંધથી મળેલ સંમતિથી બહારપાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રમણ આર્ય)
સેકશન અધિકારી ,
પંચાયત વિભાગ.

પ્રતિ,
એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત અમદાવાદ / રાજકોટ,
વિકાસ કમીશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ અને હિસાબ , અમદાવાદ.
સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નાયબ સલાહકારશ્રી, પંચાયત વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (ડાંગ, અને ગાંધીનગર સિવાય)
સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, (ડાંગ અને ગાંધીનગર સિવાય)
સભાપતિશ્રી / સરપંચશ્રી ........................ ગ્રામ/નગર પંચાયત
જીલ્લો........................
સર્વે જીલ્લા મદદનીશ નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ(ડાંગ અને ગાંધીનગર સિવાય)
સિલેક્ટ ફાઇલ.